# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27/05/2026** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **વિકાસ કાર્યોમાં ગેરરીતિ આચરનારા સામે રાજ્ય સરકાર કડક હાથે કામગીરી કરશે.**
2. **ચાર હજાર મેટ્રિક ટન LPG લઇને ભારતીય જહાજ પોરબંદર ખાતે લાંગર્યું.**
3. **અમદાવાદ વિમાન દુર્ઘટનામાં ક્ષતિગ્રસ્ત થયેલી અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસની હોસ્ટેલનું આધુનિક સુવિધા સાથે નિર્માણ કરાશે.**
4. **આગામી બકરી ઇદના તહેવારને લઇને રાજ્ય પોલીસ વડા દ્વારા સલામતીની ચુસ્ત વ્યવસ્થા અંગેની ઉચ્ચસ્તરીય સમીક્ષા કરાઇ.**
5. **બનાસ ડેરીએ દૂધ ખરીદીના ભાવમાં પ્રતિ કીલો ફેટે 15 રૂપિયાનો વધારો કર્યો.**
6. **IPL ક્વોલિફાયર-1ની મેચમાં ગુજરાતને હરાવીને રોયલ ચેલેન્જર બેંગ્લુરુ ફાઇનલમાં પહોંચ્યુ.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# JITU WAGHANI ON INAMDAR LETTER

વિકાસના કામોમાં ચાલતી ગેરરીતિઓ સામે સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારે મુખ્યમંત્રીને પત્ર લખ્યો હતો. આ મામલે પ્રતિક્રિયા આપતાં સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું કે, મુખ્યમંત્રી ગુણવત્તા બાબતમાં કોઈ બાંધછોડ નથી કરવા માંગતા અને આ મામલે ગેરરીતિ કરનાર સામે કડક કાર્યવાહી કરાશે.

તેમણે ઉમેર્યું હતું કે, કોઈપણ ગેરરીતિ કરશે અને સામાન્ય વ્યક્તિ પણ ધ્યાન દોરશે તો સરકાર ચોક્કસ કાર્યવાહી કરશે.

**BYTE- JITU VAGHANI, MINISTER**

# PORBANDAR LPG TENKAR

દેશ સહિત રાજ્યમાં **LPG** ગેસની અછત વચ્ચે ઓમાનથી પોરબંદર "એમ.ડી. **23** મલકાર હરભોદ" નામનું **LPG** ટેન્કર **18** ક્રુમેમ્બર સાથે 'ગાઝ ટર્મિનલ' પર પહોંચ્યું હતું. આ **LPG** ટેન્કર ચાર હજાર મેટ્રીક ટર્ન **LPG** સાથે પોરબંદર પહોંચ્યું હતું.

આ **LPG** નો જથ્થો જાવર વિસ્તારમાં આવેલ ગાઝ **LPG** ટર્મિનલ ખાતે ઠાલવાયો હતો. જેને લઈને ગેસ શિપિંગ કંપનીના એજન્ટ સુરેશ સિકોત્રાએ વધુ માહિતી આપી હતી.

**BYTE - SURESH SIKOTRA, GAS SHIPPING COMPANY AGENT**

# AHMEDABAD ATULYAM HOSTEL

અમદાવાદ સિવિલ નજીક ન્યૂ મેન્ટલ કેમ્પસમાં ૧૦૫ કરોડના ખર્ચે અત્યાધુનિક સુપર સ્પેશિયાલિટી હોસ્ટેલ અને કેન્ટીન બ્લોક બનાવવામાં આવશે તેવી જાહેરાત આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ કરી છે.

## BYTE: PRAFUL PANSHERIYA, MINISTER OF HEALTH

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં થયેલા 'અતુલ્યમ ૧ થી ૪ બ્લોક'ના નુકસાન પેટે ટાટા એરલાઈન્સ આરોગ્ય વિભાગને ૫૩.૧૨ કરોડ ચૂકવશે. ૧૨ જૂન ૨૦૨૫ના રોજ મેઘાણીનગર ખાતે થયેલી અમદાવાદ પ્લેન ક્રેશ વિમાન દુર્ઘટનાના કારણે આરોગ્ય વિભાગ હસ્તકના 'અતુલ્યમ ૧ થી ૪' બ્લોક્સ, કેન્ટીન અને સબ-સ્ટેશન બિલ્ડિંગને ભારે નુકસાન થયું હતું. નવીન આયોજિત 'અતુલ્યમ ૧ થી ૭' પી.જી. હોસ્ટેલ બહુમાળી સ્ટ્રક્ચર સાથે અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ હશે.

# JUNAGADH RAILWAY

જુનાગઢ શહેરની મધ્યમાંથી પસાર થતી જુનાગઢ વિસાવદર દેલવાડા મીટરગેજ લાઈનને કારણે જુનાગઢ વાસીઓ વર્ષોથી ટ્રાફિક સમસ્યાનો સામનો કરી રહ્યા છે. લાંબા સમયની માંગણી બાદ અંતે પશ્ચિમ રેલવે વિભાગ દ્વારા આ મીટરગેજ લાઈન બંધ કરવાનો નિર્ણય લેવાતા જુનાગઢ વાસીઓમાં આનંદની લાગણી છવાઈ છે.

શહેરની મધ્યમાં આવેલા સાત ફાટકોને કારણે વારંવાર ટ્રાફિક જામની સમસ્યા સર્જાતી હોય છે, ત્યારે જિલ્લા સાંસદ અને ધારાસભ્ય સહિતના અગ્રણીઓએ રેલવે વિભાગમાં મક્કમ રજૂઆત કરતા અંતે રેલવે બોર્ડે આ સાતે સાત ફાટકો બંધ કરી મીટરગેજ લાઈન દૂર કરવાનો નિર્ણય લીધો છે અને એક નવું સ્ટેશન ગાંધીગ્રામ વિસ્તારમાં બનાવવાની જાહેરાત કરી છે.

## DGP POLICE PETROLLING MEETING

રાજ્યના પોલીસ વડા ડૉ. કે. એલ. એન. રાવની અધ્યક્ષતામાં પોલીસ ભવન ખાતેથી બકરી ઈદના તહેવારને અનુલક્ષીને વિડિઓ કોન્ફરન્સના માધ્યમથી બેઠક યોજાઈ હતી. તહેવારને ધ્યાનમાં રાખીને રાજ્યમાં શાંતિ અને સલામતી જળવાઈ રહે તે હેતુથી તમામ શહેરના પોલીસ કમિશનર, તમામ જિલ્લા તથા રેન્જના વડા સાથે આ સમીક્ષા બેઠક યોજાઈ હતી.

તહેવાર દરમિયાન સમગ્ર રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ચુસ્ત રહે તે અંગે વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. તહેવાર દરમિયાન કોઈ પણ પ્રકારના અનિચ્છનીય બનાવ ન બને અને કોમી એકતા જળવાઈ રહે તે માટે જિલ્લા સ્તરે આગોતરા પગલાં અને પોલીસ બંદોબસ્ત અંગે જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત રાજ્યના તમામ સંવેદનશીલ વિસ્તારોમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવા અંગે વિસ્તૃત ચર્ચા થઈ હતી.

આ બેઠકમાં તહેવાર દરમિયાન સોશિયલ મીડિયા પર વહેતી થતી અફવાઓ પર ચુસ્ત દેખરેખ રાખવા, ટ્રાફિક નિયમન અને ઈમરજન્સી સેવાઓની સજ્જતા અંગે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

....................................

## MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે 31 મે-ના રોજ આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત" કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ તેમના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 134-મી કડી હશે.

લોકો તેમના મંતવ્ય અને સૂચન ટોલ-ફ્રી નંબર 1800—11—7800 પર તેમજ **MyGOV** ઑપન ફોરમ અથવા નરેન્દ્ર મોદી ઍપ પર પણ ઑનલાઈન મોકલી શકશે.

ઉપરાંત નાગરિકો 1922 નંબર પર મિસ્ડ કૉલ પણ આપી શકે છે અને ટૂંકી સંદેશ સેવા - **SMS**માં મળેલી લિન્ક પર ક્લિક કરીને સીધા જ પ્રધાનમંત્રીને તેમના સૂચન મોકલી શકે છે. આગામી 29 તારીખ સુધી મંતવ્ય અને સૂચન મોકલી શકાશે.

# AAKASHWANI SUGAM SANGIT

આકાશવાણીના **90** પ્રતિષ્ઠિત વર્ષોની દેશવ્યાપી ઉજવણીના ભાગરૂપે, આકાશવાણી અમદાવાદ દ્વારા આજે સાંજે **7:00** વાગ્યે દિનેશ હોલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે **"AKASHVANI@90 –** સુગમ સંગીત સમારોહ **"**શીર્ષક હેઠળ સંગીતમય કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું છે.

આ વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રતિષ્ઠિત કલાકારો બિરેન પુરોહિત, અર્ચિત પટાડીયા, સૃષ્ટિ ત્રિપાઠી અને મીરાંદે શાહ દ્વારા પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવશે. આ કાર્યક્રમનું સંગીત નિર્દેશન પ્રખ્યાત સંગીતકાર હસમુખ પાટડિયા દ્વારા કરવામાં આવશે.

# BANAS DAIRY FET RISE

બનાસડેરીએ દૂધ ખરીદ ભાવમાં વધારો કરવાની જાહેરાત કરી છે. ડેરીએ પ્રતિ કિલો ફેટમાં ૧૫ રૂપિયાનો વધારો કર્યો. આ વધારા બાદ હવે નવો ભાવ ૮૬૦ પ્રતિ કિલો ફેટ કરાયો હોવાનું બનાસ ડેરીના મેનેજિંગ ડિરેક્ટર સંગ્રામસિંહ ચૌધરીએ કહ્યું હતું.

**BYTE: SANGRAM SINGH CHAUDHARY, BANAS DAIRY MD**

# IPL CRICKET

IPL ક્રિકેટમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુએ પ્રથમ ક્વોલિફાયરમાં ગુજરાત ટાઇટન્સને 92 રનથી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો. ધર્મશાળા ખાતે રમાયેલી મેચમાં, પ્રથમ બેટિંગ કરતા બેંગ્લુરુએ 20 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને 254 રન બનાવ્યા હતા. રજત પાટીદારે 93 રનની અણનમ રમત રમી હતી, જ્યારે વિરાટ કોહલી અને કૃણાલ પંડ્યાએ 43-43 રનનું યોગદાન આપ્યું હતું. ગુજરાત તરફથી કાગીસો રબાડા અને જેસન હોલ્ડરે 2-2 વિકેટ ઝડપી હતી.

255 રનના લક્ષ્યાંકના જવાબમાં, ગુજરાત ટાઇટન્સ 19 ઓવર અને 3 બોલમાં 162 રનમાં ઓલઆઉટ થઈ હતી. રજત પાટીદારને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા.

IPL ક્રિકેટની બીજી ક્વોલિફાયરમાં આજે સનરાઇઝર્સ હૈદરાબાદ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે મુકાબલો થશે. આ મેચ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

# CENCUS SE

ગુજરાતમાં વસ્તી ગણતરી-૨૦૨૭ના પ્રથમ તબક્કા-ઘરયાદી અને મકાનોની ગણતરી કરવાનું કાર્ય પહેલી જૂનથી ૩૦ જૂનના સમયગાળામાં કરાશે. ઘરયાદીની કામગીરી શરૂ થાય તે પહેલા પંદર દિવસ એટલે કે ૧૭ મેથી ૩૧મે સુધીના સમયગાળામાં સ્વ-ગણતરી હાથ ધરવામાં આવી રહી છે.

ત્યારે ડાંગના પાંચ રાજવી પૈકીના એક ધનરાજસિંહ સૂર્યવંશી, ડાંગ જિલ્લા વિકાસ અધિકારી કે.એસ.વસાવા અને ડાંગ જિલ્લા પોલીસ વડા પૂજા યાદવએ સ્વ-

ગણતરી પુર્ણ કરી ડાંગ જિલ્લાના નાગરિકોને વેબ પોર્ટલ દ્વારા સ્વ-ગણતરી કરવા અપીલ કરી હતી. ધનરાજસિંહે લોકોને સ્વ ગણતરીમાં ભાગ લેવા અપીલ કરી હતી.

**BYTE- DHANRAJSINH SURYAVANSHI, RAJVI, VASURNA DANG**

## AMRELI DROWN DIDI

અમરેલી જિલ્લાનાં બાઢડા ગામનાં તરુણા દેવાણીને ડ્રોન વિશે કંઇ ખબર ન હતી. સખીમંડળ દ્વારા યોજાતા તમામ કાર્યક્રમોમાં ડ્રોન દીદી કાર્યક્રમ અંગે માહિતી મળી હતી. ત્યારબાદ તેમણે ડ્રોન દીદી બનવાનો નિર્ણય કર્યો હતો.

તેઓ ડ્રોનથી દવાનો છંટકાવ કરીને બે મહિનામાં 40 હજાર રૂપિયાની કમાણી કરી છે. ડ્રોન દીદી તરૂણા દેવાણીએ ડ્રોનના ઉપયોગના ફાયદા વર્ણવ્યાં હતાં.

----------------------------------------